આથી જાણ કરવામાં આવે છે કે, કંપની ધારો, ૨૦૧૩ની કલમ-૧૧૦ અને ૧૦૮ અને અન્ય જોગવાઈઓની રૂએ વખતોવખત (હવે પછી 'કાયદો') હેઠળ નિયમ ૨૦ અને ૨૨ વંચાણે લઈને (મેનેજમેન્ટ અને એમેન્ડમેન્ડ) નિયમો, ૨૦૧૪ ('નિયમો') ઉપરાંત સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ જનરલ મિટિંગ ('એસએસ-૨') ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા ('આઈસીએસઆઈ') તથા સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦, તા. ૮ એપ્રિલ, ૨૦૨૦ અને ૧૭/૨૦૨૦, તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, આનુષંગિક સામાન્ય પરિપત્ર નં.૦૩/૨૦૨૫, તા.૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ જે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, ભારત સરકાર ('એમસીએ') (હવે પછી સંયુક્ત રીતે 'એમસીએ પરિપત્રો') ઠરાવ નં. ૪૪ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) ઠરાવ ૨૦૧૫ ('સેબી લિસ્ટિંગ ઠરાવ') અને વખતોવખત સુધારેલા ઠરાવ અનુસાર કાયદાની દ્રષ્ટિએ પ્રવર્તમાન નિયમો અન્વયે વેલસ્પન કોર્પ લિમિટેડ ('ધી કંપની')ના સભ્યો પાસેથી નીચે દર્શાવેલ વિશિષ્ટ કાર્યવાહી અંગે ફક્ત ઈ-વોટિંગ પ્રક્રિયા ('રિમોટ ઈ-વોટિંગ') દ્વારા સંમતિ માગવામાં આવે છે :

ક્રમ	ઠરાવનું વર્ણન	ઠરાવનો પ્રકાર
૧	સ્વતંત્ર ડિરેક્ટર તરીકે શ્રી મનિષ ચોખાણી (DIN: 00204011) ની પુન: નિમણૂક	સ્પેશિયલ
૨	સ્વતંત્ર ડિરેક્ટર તરીકે શ્રી અંજની કુમાર અગ્રવાલ (DIN: 08579812) ની પુન: નિમણૂક	સ્પેશિયલ
૩	સ્વતંત્ર ડિરેક્ટરો સહિત નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટરોને ચૂકવણીપાત્ર મહેનતાણાની ફેર વિચારણા	સ્પેશિયલ

કંપની પોસ્ટલ બેલેટ નોટિસ તા.૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિગતવાર અહેવાલ ('પોસ્ટલ બેલેટ નોટિસ') કંપનીના ૧૯ નવેમ્બર, ૨૦૨૬નાં રોજ રજિસ્ટ્રાર બેનિફિશિયલ ઓનર રજિસ્ટરમાં કટ-ઓફ તારીખ શુક્રવાર, ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના નોંધાયેલ તમામ સભ્યોને તેમનાં ઉપલબ્ધ ઈમેઈલ સરનામે મોકલી આપેલ છે ઉપરાંત નોટિસની પ્રત્યક્ષ નકલ, પોસ્ટલ બેલેટ પત્રક અને પ્રિપેઈડ રિપ્લાય કવર સહિત મોકલવામાં આવશે નહીં. તેથી તમામ સભ્યોએ માત્ર રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ મતદાન કરવાનું રહેશે.

કંપનીએ નેશનલ સિક્યોરિટી લિમિટેડ ('એનએસડીએલ') મારફત ઈ-વોટિંગ સુવિધા પ્રદાન કરેલ છે તેથી નિમ્ન સમયમાં જઈ-વોટિંગ કરવા વિનંતી:-

રિમોટ ઈ-વોટિંગનો પ્રારંભ	રિમોટ ઈ-વોટિંગ બંધ થશે
સોમવાર, ૨૩ નવેમ્બર, ૨૦૨૬ (સવારે ૯:૦૦ કલાકે)	મંગળવાર, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬ (સાંજે ૫:૦૦ કલાકે)

ત્યાર પછી ઈ-વોટિંગ થઈ શકશે નહીં અને એનએસડીએલનું મોડ્યુલ બંધ થઈ જશે. તેથી સભ્યોને પોતાનો હકારાત્મક (એફઓઆઈ) કે વિરોધ (અગેઈન્સ્ટ) મત રિમોટ ઈ-વોટિંગ દ્વારા મંગળવાર, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬ના સાંજે ૫:૦૦ કલાક સુધીમાં આપવાનો રહેશે. એક વખત મતદાન કર્યા પછી ફરીથી કે તેમાં કોઈ સુધારો થઇ શકશે નહીં જેની નોંધ લેવી.

સદરહુ પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.welspuncorp.com, સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા www.bseindia.com અને www.nseindia.com તથા ઈ-વોટિંગ એજન્સી નેશનલ સિક્યોરિટી ડિપોઝિટર લિમિટેડ ('એનએસડીએલ') www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ છે.

સભ્યોએ મતદાનની પાત્રતા માટે કંપનીની કટ-ઓફ તારીખે થયેલી નોંધણી ગણાશે. તે સિવાય વણનોંધાયેલ સભ્યોએ નોટિસ માત્ર વાંચન હેતુસર ગણવી.

ડીમટિરિયલાઈઝ અને પ્રત્યક્ષ સ્વરૂપે શેરધારક અને ઈ-મેઈલ આઈડી વણનોંધાયેલ સભ્યોને પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવામાં આવેલ નથી.

ઈલેક્ટ્રોનિક રાહે પત્રક ધરાવતા શેરધારકો પરંતુ જેમણે પોતાનું ઈમેઈલ સરનામું, કેવાયસી નોંધાયેલ નહીં હોય તેઓ પોતાનાં ડિપોઝિટરી પાર્ટીસિપન્ટ પાસે અપડેટ કરાવી શકશે.

પ્રત્યક્ષ સ્વરૂપે શેરધારકોએ ઉક્ત વિગતો કંપનીનાં રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ('આરટીએ') એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ખાતે અપડેટ કરાવી શકશે. ઉપરાંત કંપનીની વેબસાઈટ www.welspuncorp.com અને આરટીએ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html મારફત મેળવી શકશે.

કંપની ડિરેક્ટરોએ મજકૂર રિમોટ ઈ-વોટિંગની સુચારુ પ્રક્રિયા માટે શ્રી જિગર શાહ (FCS 8918 & COP No.13936), અધિકૃત પાર્ટનર, મે.જેએમજે એન્ડ એસોસીયેટસ, એલએલપી કંપની સેક્રેટરીની અવેજીમાં કુ. અનુપ્રિયા સકસેના (FCS 8917 & COP No.12341), અધિકૃત પાર્ટનરને સ્ક્રૂટિનાઈઝર તરીકે નિયુક્ત કરેલ છે.

રિમોટ ઈ-વોટિંગ અંગે સ્ક્રૂટિનાઈઝરનો નિર્ણય આખરી ગણાશે.

રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા છેલ્લી તારીખ ૨૨, ડિસેમ્બર, ૨૦૨૬ના જરૂરી સંખ્યામાં ઠરાવ પસાર થશે તેવી ધારણા છે, તેથી રિમોટ ઈ-વોટિંગનું પરિણામ ગુરુવાર, ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં જાહેર કરવામાં આવશે. જે સ્ક્રૂટિનાઈઝરનાં અહેવાલ સાથે કંપનીનાં નોટિસ બોર્ડ, રજિ. કચેરી તથા કોર્પો. કચેરી ખાતે પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉપરાંત કંપનીની વેબસાઈટ : www.welspuncorp.com, એનએસડીએલ www.evoting.nsdl.com તથા સ્ટોક એક્સચેન્જ www.nseindia.com અને www.bseindia.com ઉપર પ્રકાશિત કરવામાં આવશે.

ઈ-વોટિંગ અંગે કોઈપણ મુશ્કેલી જણાય તો ફ્રીક્વન્ટલી આસ્ક ક્વેશ્ચન (એફએક્યુ) અને યુઝર મેન્યુઅલનાં ડાઉનલોડ સેક્શન www.evoting.nsdl.com અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ કે evoting@nsdl.co.inનો સંપર્ક સાધવા વિનંતી.

કંપનીનાં સભ્યોએ પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ વિગતો, ખાસ કરીને રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયા કાળજીપૂર્વક ચકાસી લેવા વિનંતી.

વેલસ્પન કોર્પ લિમિટેડ વતી

સહી/-

કમલ રાઠી

સ્થળ: મુંબઈ કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર

તારીખ: નવેમ્બર ૧૯, ૨૦૨૬ મેમ્બરશિપ નં. એસીએસ ૧૮૧૮૨

સાંઘીપુરમ, સાડાઉ અને કોઠારામાં ગાંજા સાથે ત્રણ શખ્સ ઝડપાયા

ભુજ, તા. ૧૯ : યુવાનોમાં નશાખોરીની બદી વધી છે. તે વચ્ચે પોલીસે અબડાસાના સાંઘીપુરમ પાસેથી, મુંદરાના સાડાઉ અને કોઠારામાંથી માદક પદાર્થ ગાંજા સાથે ત્રણ શખ્સને ઝડપી પાડયા હતા.

વાયોર પોલીસે ગઈકાલે બાતમીના આધારે સાંઘીપુરમમાં રહેતા સુમિત કુમાર બેનીપ્રસાદને માદક પદાર્થ ગાંજો ૩૨ગ્રામ કિં. રૂા. ૧૬૦૦ તથા એક મોબાઈલ કિં. રૂા. ૫૦૦ એમ રૂા. ૨૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

જ્યારે મુંદરા મરીન પોલીસે પણ ગઈકાલે રાતે સાડાઉના ગોલ્ડન પંજાબ ગાર્ડન રેસ્ટોરન્ટની સામેથી બાતમીના આધારે રિક્ષાચાલક મહમદ આમદ સાંધ (રહે. સાડાઉ)ને ગાંજો ૨૬ ગ્રામ કિં.રૂા. ૧૩૦૦અને એક મોબાઈલ ફોન કિં.રૂા. ૫૦૦૦ તથા રિક્ષા નં. જી.જે.-૧૨-એ.ટી.-૦૭૯૧ કિં.રૂા. એક લાખ એમ કુલ્લે રૂા. ૧,૦૬,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

આ ઉપરાંત ગઈકાલે કોઠારા પોલીસે કોઠારા રેલવે સ્ટેશન બાજુ જતા એક રોડ પરથી પુરુષોત્તમ કુમાર શિવરતનકુમાર સુમન યાદવ (રહે. કોઠારા, મૂળ બિહાર)ને ૧૦.૧૦૦ ગ્રામ ગાંજો કિં.રૂા. ૫૦૫ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

ત્રણે કેસમાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએમ એક્ટ તળે ગુના દાખલ કરી કાર્યવાહી કરી હતી.



માધાપરમાં થયેલી ચોરીના ગુનામાં ચોરાઉ મુદ્દામાલ સાથે ઝડપાયેલા આરોપીઓ તથા એલસીબીની ટીમ.

માધાપર ગોકુલધામમાં થયેલી ચોરીનો ભેદ એલસીબીએ ઉકેલ્યો

■ ભુજના બે રીઢા ચોર મુદ્દામાલ સાથે ઝડપાયા : એકને પકડવાનો બાકી

ભુજ, તા. ૧૯ : થોડા દિવસો પહેલાં માધાપરના ગોકુલધામમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂા. ૧.૫૦ લાખના સોનાંના દાગીનાનો હાથ માર્યો હતો. આ ચોરીનો ભેદ એલસીબીએ ઉકેલી લીધો છે. ચોરાઉ મુદ્દામાલ ઉપરાંત સોનાંના ઢાળ મળી કુલ્લે રૂા. ૮,૪૦,૧૩૦ના મુદ્દામાલ સાથે ભુજના બે રીઢા ચોરને ઝડપી લીધા છે. જ્યારે આ કામના અન્ય એક આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે એલસીબીએ જાહેર કરેલી વિગતો મુજબ માધાપરની ચોરીનો શંકાસ્પદ ઇસમ સુનીલ કૈલાશભાઇ દેવીપૂજક (રહે. રામનગરી-ભુજ) જે અગાઉ પણ ઘડફોડ ચોરીમાં આવી ચૂક્યો છે, તે હાલે કમલની દુકાન પાસે હાજર છે. આથી એલસીબીએ સુનીલ અને આનંદ મુકેશભાઇ દેવીપૂજક (રહે. ભુજિયા રિંગ રોડ-ભુજ)ને ચોરાઉ સોનાંના દાગીના, ઢાળ અને એક મોબાઇલ કિં.રૂા. ૫૦૦૦ એમ કુલ્લ રૂા. ૮,૪૦,૧૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. જ્યારે આ જ કામના અન્ય આરોપી એવા રહે સર્વા મંડપ-ભુજના મનસુખ હરેશભાઇ પરમાર (દેવીપૂજક)ને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

ઝડપાયેલા સુનીલ અને આનંદનો ગુનાહિત ઇતિહાસ ખરડાયેલો છે. બંને વિરુદ્ધ ચોરી અને મારામારીના એક કરતાં વધુ ગુના પોલીસ મથકોએ દાખલ થયેલા છે.

આ કામમાં એલસીબીના પીઆઇ એ. એમ. મકવાણા, પીએસઆઇ જે. બી. જાદવ, એમ. એચ. શિણોલ, એએસઆઇ સુરેન્દ્રસિંહ ઝાલા, અનિરુદ્ધસિંહ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ રાવલ, સુનીલભાઇ પરમાર, હે.કો. રાજેન્દ્રસિંહ રાઠોડ, નવીનકુમાર જોશી, શક્તિસિંહ ગઢવી, જીવરાજભાઇ ગઢવી જોડાયા હતા.

KSKV KACHCHH UNIVERSITY, BHUJ-KACHCHH.

ભાવપત્રક મંગાવવાની જાહેર ખબર (ત્રીજો પ્રયત્ન)

રેલવે ટિકિટ બુકિંગ માટે એજન્સી પાસેથી ભાવપત્રક મંગાવવા બાબત

કચ્છ યુનિવર્સિટીના કર્મચારીઓ તથા રમતગમત, યુવક મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સમયાંતરે ગુજરાત તથા ગુજરાત બહાર ભાગ લેવા જતાં અંદાજિત ૬૦૦ વિદ્યાર્થીઓની મુસાફરી માટે રેલવે ટિકિટ બુકિંગ, કેન્સલેશન તથા રિફંડની સેવા પૂરી પાડવા અધિકૃત એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવપત્રકનું ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ www.kskvku.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ભાવપત્રક સીલબંધ કવરમાં રજિસ્ટ્રારશ્રી કચ્છ યુનિવર્સિટી, ભુજના નામે તા. ૨૬/૧૧/૨૦૨૬ના રોજ કચેરી સમય સુધીમાં કચ્છ યુનિવર્સિટી જમા કરાવવાનું રહેશે. ભાવપત્રક સાથે ફી તથા EMD લાગુ રહેશે નહીં.

નોંધ: આ બાબતે અંતિમ નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીશ્રીની રહેશે.

તા. ૧૭-૧૧-૨૦૨૬ કુલસચિવ

(નામાનિ/કચ્છ/૧૧૨૩/૨૦૨૬-૨૭) કચ્છ યુનિવર્સિટી

PGVCL **ભારાપર ગામ ૧૦૦ % સ્માર્ટ મીટર ધરાવતું ગાંધીધામ તાલુકાનું પહેલું ગામ** PGVCL

PGVCL અંજાર સર્કલ દ્વારા સ્માર્ટ મીટરિંગની કામગીરીમાં વધુ એક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. અંજાર સર્કલમાં આવતા ગાંધીધામ તાલુકાનું ભારાપર ગામ ૧૦૦ ટકા સ્માર્ટ મીટર ધરાવતું પહેલુ ગામ બન્યું છે. ભારાપર ગામમાં કુલ ૨૩૨ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યાં છે અને તમામ જોડાણો કાર્યરત થયા છે. ભારાપર ગામમાં સ્માર્ટ મીટરિંગની કામગીરીમાં રહેણાંકના-૧૭૭, બિનરહેણાંકના-૪૬, ઔદ્યોગીકના-૭, પાણી પુરવઠાનું-૧, ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરના-૨૭ અને જી.એલ.પી.-૧ મીટરનો સમાવેશ થાય છે. અંજાર સર્કલ દ્વારા ગામડાંઓમાં સ્માર્ટ મીટરિંગનું કવરેજ વધારવાની દિશામાં હાથ ધરાયેલી કામગીરી અંતર્ગત ભારાપરએ આ સિદ્ધિ મેળવી છે.

કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી, ગાંધીધામ

PGVCL **કાસેઝ સબ ડીવીઝન ૧૦૦ % સ્માર્ટ મીટર ધરાવતું પીજીવીસીએલનું પ્રથમ સબ ડીવીઝન બનવા બાબત** PGVCL

PGVCL અંજાર સર્કલ દ્વારા સ્માર્ટ મીટરિંગની કામગીરીમાં વધુ એક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. અંજાર સર્કલમાં આવતા ગાંધીધામ તાલુકાનું કાસેઝ સબ-ડીવીઝન ૧૦૦ ટકા સ્માર્ટ મીટર ધરાવતું પીજીવીસીએલનું પ્રથમ સબડીવીઝન બન્યું છે. કાસેઝ સબ-ડીવીઝનમાં કુલ ૨૧૦૧ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યાં છે અને તમામ જોડાણો કાર્યરત થયા છે. કાસેઝમાં સ્માર્ટ મીટરિંગની કામગીરીમાં રહેણાંકના-૧૨૨૬, બિનરહેણાંકના-૫૫૭, ઔદ્યોગિકના-૨૯૫, પાણી પુરવઠાનું-૨ અને જી.એલ.પી.-૨૧ મીટરનો સમાવેશ થાય છે. અંજાર સર્કલ દ્વારા સબડીવીઝનમાં સ્માર્ટ મીટરિંગનું કવરેજ વધારવાની દિશામાં હાથ ધરાયેલી કામગીરી અંતર્ગત કાસેઝ સબડીવીઝનએ આ સિદ્ધિ મેળવેલ છે.

કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી, ગાંધીધામ

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ

ટ્રાન્સમિશન ડિવિઝન ઓફિસ, ગેટકો, અંજાર

GETCO **વીજળી પુરવઠો બંધ રહેવા બાબતની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જાણ કરવાની કે, તારીખ ૨૧.૧૧.૨૦૨૬, શનિવારના રોજ અગત્યનું સમારકામ હોવાથી નીચે દર્શાવેલ ગ્રામ્ય, શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોને સવારના ૦૮.૦૦ વાગ્યાથી બપોરના ૧૩:૦૦ વાગ્યા સુધી વીજ પુરવઠો મળશે નહીં.

વિસ્તાર :

૬૬ કે.વી. મોખા સબ સ્ટેશનમાંથી નીકળતા નીચેના તમામ ૧૧ કે.વી. ફીડરો તારીખ ૨૧.૧૧.૨૦૨૬ શનિવારના રોજ સવારના ૦૮.૦૦ વાગ્યાથી બપોરના ૧૩:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે.

ક્રમ	૬૬ કે.વી. સબ સ્ટેશનનું નામ	તારીખ તથા વાર	સમય
૧	૬૬ કેવી મોખા સબ સ્ટેશન	૨૧.૧૧.૨૦૨૬ શનિવાર	સવારના ૦૮.૦૦થી બપોરના ૧૩:૦૦

નિર્ધારિત કામ વહેલું પૂરું થઈ જતાં બીજી કોઈ પણ જાતની જાહેરાત આપ્યા સિવાય પુન: વીજપુરવઠો સ્થાપિત કરવામાં આવશે. તેની નોંધ લેવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર (પ્રવહન),

૨૨૦ કે.વી. સબ સ્ટેશન, ગેટકો, અંજાર (કચ્છ)

ચાર માતાને યાદ કરી સેવા-સંસ્કારો જાળવવા અનુરોધ

■ સમાઘોઘા છ કોટી જૈન સંઘમાં મહાવીર નિર્વાણદિનની ઉજવણી કરાઈ



સમાઘોઘા છ કોટી જૈન સંઘમાં આચાર્ય પ્રકાશચંદ્રજી સ્વામી, નૈતિકચંદ્રજી સ્વામી સાથે પ્રવચન આપી રહેલા પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા તથા ઉપસ્થિતો નજરે પડે છે.

સમાઘોઘા, તા. ૧૯ : સમાઘોઘા છ કોટિ જૈન સંઘમાં ચાતુર્માસ બિરાજતા અજરામર સંપ્રદાયના આચાર્ય પ્રકાશચંદ્રજી સ્વામી આદિ ઠાણા-૫ના સાનિધ્યમાં ભ. મહાવીર નિર્વાણદિનની છઠ્ઠ તપની આરાધના સાથે તિથિ તપ-ત્યાગથી ઊજવવામાં આવી હતી. પાંચ દિવસ સુધી ભગવાન મહાવીરના જીવન-ચરિત્ર ઉપર પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય તથા જીતોના ચેરમેન તત્વચિંતક પંકજભાઈ મહેતાનું રાત્રે પ્રવચન યોજાયું હતું.

છ કોટી જૈન વાડી ખાતે પ્રવચન આપતા શ્રી મહેતાએ કહ્યું જણાવ્યું હતું કે સનાતન સંસ્કૃતિના સંસ્કાર જાળવવા માટે ચાર માની વાત કરી જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. જનેતા પ્રથમ માના આશીર્વાદ મેળવી દરરોજ પગે લાગવું તેમજ મારી મા મારી સાથે રહે છે તેમ ન કહેતા હું મારી મા સાથે રહું છું. તેનો સંદેશ આપ્યો તો. ધરતી માતા-ધરતીનું પોષણ કરવા અને તેનું શોષણ ન કરવા દેશી ખાતરનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

ગાય માતા જેમાં ૩૩ કરોડ દેવતાનો વાસ છે ગાય વગરનું ઘર ન હોવું જોઈએ. ગાયનું દૂધ-ઘી વાપરવુ જોઈએ. નદી માતા પાણીનો બગાડ ન કરતા તથા બચાવ ટપક પદ્ધતિનો ઉપયોગ કરવાની શીખ આપતા ચાર માતાની સેવા કરવા જણાવ્યું હતું.

પંકજભાઈનું મહાજનના પ્રમુખ વિવેકભાઈ સંગોઈ તેમજ ક્ષત્રિય સમાજના અગ્રણી ઈન્દ્રજિતસિંહ જાડેજાએ સન્માન કર્યું હતું. ક્ષત્રિય સમાજની દીકરીઓ નવકારમંત્ર સહિતની પ્રસ્તુતિ કરી હતી. નૈતિકમુની મા.સા. પાસે પાઠશાળાની દિકરી-દિકરાએ દિવાળીમાં ફટાકડા ન ફોડવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ અવસરે કીર્તિભાઈ ચંદુલાલ મોરબીયા, પ્રકાશભાઈ અનોપચંદ મહેતા, દિનેશભાઈ દલસુખભાઈ પુજ તેમજ સંઘના અગ્રણી - હોદ્દેદારો, અધિકારી બોર્ડ, કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અજરામર ચેરિટેબલ ટ્રસ્ટના કારોબારી સભ્ય કીર્તિભાઈ સી. મોરબીયાની યાદીમાં જણાવાયું હતું.

મુંદરામાં કોઈ ભૂખ્યું ન રહે : નિ:શુલ્ક ભોજનની પહેલ

મુંદરા, તા. ૧૯ : મુંદરામાં રહેતું કે આવનારું કોઈ જરૂરિયાતમંદ ભૂખ્યું ન રહે એ એવી ભાવનાથી એક પરિવારે સવાર અને સાંજ એમ બે ટાઈમ ખાનગી ડાઇનિંગ હોલમાં નિ:શુલ્ક ભોજનની વ્યવસ્થા ગોઠવી નવી પહેલ કરી છે.

મુંદરામાં રહેતા કે આવતા જતા પ્રવાસી, સાધુ સંત સંજોગોવસાત ભોજન વ્યવસ્થા ન કરી શકનારા ક્યાંય ભૂખ્યા ન રહી જાય એ માટે સંત જલારામ બાપાએ આપેલા જીવન મંત્રથી પ્રેરાઈને આ સેવા શરૂ કરાઈ છે. દાતા પરિવારના નિખિલ ચોથાણીએ જણાવ્યું કે, નારણજી રામજી ચોથાણી પરિવાર દ્વારા ભોજન યજ્ઞ શરૂ થયો છે. ચોથાણી મોલમાંથી ભોજન કુપન મેળવી શકાશે. જે બપોરના ૧૨:૩૦ થી ૨ અને રાત્રે ૭:૩૦ થી ૯:૩૦ વાગ્યા સુધીમાં મળી શકશે અને જવાહરચોક સ્થિત ડાઇનિંગ હોલમાં ભોજન કરી શકશે.

વોંધમાં અકળ કારણે યુવાનનો ગળેફાંસો ખાઇ આપઘાત

ગાંધીધામ, તા. ૧૯ : ભચાઉના વોંધમાં રહેનાર સુનીલ લાલવત ગુપ્તા (ઉ.વ. ૩૫) નામના યુવાને ગળેફાંસો ખાઇ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

વોંધની મહારાષ્ટ્ર કોલોનીમાં હાઉસ નંબર ૬૩માં રહેનાર સુનીલ ગુપ્તાએ ગઇકાલે અંતિમ પગલું ભરી લીધું હતું. ઇ.ટી. કંપનીમાં છેલ્લા પાંચેક વર્ષથી કામ કરનાર આ યુવાન પોતાના રૂમ ઉપર હતો. દરમ્યાન અગમ્ય કારણોસર તેણે ચાદર વડે ગળેફાંસો ખાઇ પોતાનો જીવ દીધો હતો. સવારે તેણે દરવાજો ન ખોલતાં અને લટકતી હાલતમાં મળતાં જનરક્ષકને જાણ કરાઇ હતી. પોલીસે દરવાજો ખોલતાં આ યુવાન મૃત મળી આવ્યો હતો. આગળની તપાસ પોલસે હાથ ધરી છે.

PGVCL **ભારાપર ગામ ૧૦૦ % સ્માર્ટ મીટર ધરાવતું ગાંધીધામ તાલુકાનું પહેલું ગામ** PGVCL

PGVCL અંજાર સર્કલ દ્વારા સ્માર્ટ મીટરિંગની કામગીરીમાં વધુ એક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. અંજાર સર્કલમાં આવતા ગાંધીધામ તાલુકાનું ભારાપર ગામ ૧૦૦ ટકા સ્માર્ટ મીટર ધરાવતું પહેલુ ગામ બન્યું છે. ભારાપર ગામમાં કુલ ૨૩૨ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યાં છે અને તમામ જોડાણો કાર્યરત થયા છે. ભારાપર ગામમાં સ્માર્ટ મીટરિંગની કામગીરીમાં રહેણાંકના-૧૭૭, બિનરહેણાંકના-૪૬, ઔદ્યોગીકના-૭, પાણી પુરવઠાનું-૧, ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરના-૨૭ અને જી.એલ.પી.-૧ મીટરનો સમાવેશ થાય છે. અંજાર સર્કલ દ્વારા ગામડાંઓમાં સ્માર્ટ મીટરિંગનું કવરેજ વધારવાની દિશામાં હાથ ધરાયેલી કામગીરી અંતર્ગત ભારાપરએ આ સિદ્ધિ મેળવી છે.

કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી, ગાંધીધામ

PGVCL **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ** PGVCL

પાવર બંધ રહેવાની નોટિસ

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે મુજબના વીજફીડરનું સમારકામ કરવાનું હોવાથી તે ફીડર તથા આ વીજફીડરને ક્રોસિંગ થતા ફીડરો નીચેની તારીખના રોજ દર્શાવેલ સમય સુધી બંધ રહેશે.

ક્રમ નં.	તારીખ	એસ.એસ.નું નામ	ફીડરનું નામ	ફીડર બંધ રહેવાનો સમય
૧	૨૧.૧૧.૨૦૨૬	૬૬ કેવી માંડવી એસ.એસ.	૧૧ કેવી દુર્ગાપુર એજી	સવારે ૮:૦૦થી બપોરે ૧૬:૦૦ વાગ્યા સુધી
			૧૧ કેવી જી.આઈ.ડી.સી.	સવારે ૮:૦૦થી બપોરે ૧૬:૦૦ વાગ્યા સુધી

કામ પૂર્ણ થયે અન્ય કોઇ પણ સૂચના આપ્યા વગર વીજ પુરવઠો પુન: ચાલુ કરી દેવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ માંડવી ડીઓ

GETCO **ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.**

Gujarat Energy Transmission Corporation Ltd.

ગુજરાત સરકારનું સાહસ Government of Gujarat Undertaking

વીજ પુરવઠો બંધ રહેવા બાબતની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જાણ કરવાની કે, નીચે દર્શાવેલ સમય અને તારીખે નીચે બતાવેલ સબ સ્ટેશનમાં અગત્યનું મરામત કાર્ય હોવાથી સબ સ્ટેશનમાંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડરોને વીજ પુરવઠો મળી શકશે નહીં.

અ. નં.	સબ સ્ટેશનનું નામ	વિસ્તાર	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી નિરોણા	સંબંધિત સબ સ્ટેશનમાંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડરો	૨૧/૧૧/૨૦૨૬, શનિવાર	૦૭.૦૦થી ૧૫.૦૦ કલાક સુધી

નિર્ધારિત કામ પૂરું થતાં બીજી કોઈ પણ જાતની વધારાની જાહેરાત આપ્યા વિના વીજ પુરવઠો પુન: સ્થાપિત કરવામાં આવશે.

'વીજળીનો સલામતીભર્યો ઉપયોગ કરો'

'આપણું જીઈબી' (GEB) એ જ આજનું 'ગેટકો' (GETCO)

-સંપૂર્ણ પણે ગુજરાત સરકારનું સાહસ'

કાર્યપાલક ઈજનેરશ્રી (પ્રવહન), ગેટકો, પ્રવહન વિભાગીય કચેરી, નખત્રાણા-કચ્છ.

GETCO **GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LTD** GETCO

(Goverment of Gujarat Undertaking)

ASSET MANAGEMENT CIRCLE OFFICE ANJAR

220 KV Anjar S/S Compound on Bhuj road, Anjar-Kutch. 370110.

E-mail: seanjar.getco@gebmail.com Phone No. 99252 11151,

Reg. Corporate office : Sardar Patel Vidyut Bhavan, Race Cource, Vadodara - 390007

(CIN) : U40100GJ1999SGC036018, Web : www.getcogujarat.com

Sr. No	Tender notice	Last Date of submission	Name of Work
1.	Anj/CM-1/PRJ/e-Tn-162/2026	25/11/2026 (Online – n code)	Erection for 66KV Kukma substation to 66 kV Bandra substation S/C line partly on D/C Panther tower carriying out hotline stringing on 2nd span of 66kV Kukma- Kotda(C) with ACSR Panther conductor under R&M 2025-26 construction Division Anjar Pkg-3 (stringing from AP-38).
2.	Anj/CM-1/PRJ/e-Tn-163/2026	25/11/2026 (Online – n code)	Erection Work of 66kV Gadhsisa(Proposed 220kV Gadhsisa) –Darshadi Line AND 66kV Gadhsisa(Proposed 220kV Gadhsisa)-Jamthada Line on D/C Panther tower with AL-59 conductor (Equiv. wt. of Panther Conductor) with OPGW (Work under Construction div. Anjar) Pkg: 1 (From 220kV Gadhsisa ss to Darshadi ss)
3.	Anj/CM-1/PRJ/e-Tn-164/2026	25/11/2026 (Online – n code)	Erection Dog to panther conversion of S/C 66kV Manjal – Makhana line by erecting D/C Panther tower with ACSR Panther Conductor under R&M Plan 2024-25. (Work Under Construction Division Anjar)
4.	Anj/CMC/R&M/e-Tn-165/2026	25/11/2026 (Online – n code)	Work of replacement of cross bracing & level piece & Silver painting of 66KV Mokha Mathada H frame line & 66KV Khedoi Mathada H frame line (Work approved under R&M 2026-27) & Erection of 1 No. of A type H frame at loc no. 85(S) of 66KV Dudhai Chandrani line (Work approved under R&M 2025-26) under Anjar AM Division under Anjar AM Circle with Fixed OLM amount

Tender papers & specifications may be down loaded from website https://getco.nprocure.com (for view, download and online submission) and GUVNL / GETCO websites www.tender.guvnl.com (for view & download only)

1. For any discrepancy online bid is considered as final.

-S/d-

Superintending Engineer (AM)

GETCO - Anjar

સ્નેહમિલન બનશે સ્નેહનો ‘લિટમસ ટેસ્ટ’ !

કચ્છના છ ધારાસભ્યો માટે ૨૨મી નવેમ્બરે લોકપ્રિયતાની ‘અગ્નિપરીક્ષા’

પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના આદેશ બાદ રાજ્યની તમામ ૧૮૨ બેઠકો પર એકસાથે યોજાશે કાર્યક્રમ : સાંસદ વિનોદ ચાવડા અને પૂર્વ મંત્રી વાસણભાઈ આહીરના ભવ્ય સ્નેહમિલન બાદ હવે ધારાસભ્યોના શક્તિપ્રદર્શન પર સૌની મીટ

ભુજ - કચ્છઉદય : ગુજરાત ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી ૨૨મી નવેમ્બર, રવિવારના રોજ રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એક જ દિવસે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમો યોજવાનું રણશિંગુ ફૂંકવામાં આવ્યું છે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાયેલા પ્રદેશ કક્ષાના સ્નેહમિલનમાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ આ સત્તાવાર જાહેરાત કરી હતી, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસંતુષ્ટને સંતુષ્ટ કરવાનો મંત્ર આપીને સંગઠનને અત્યારથી જ ૨૦૨૭ની ચૂંટણીના મોડમાં લાવવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. પ્રદેશ નેતૃત્વના આ ફરમાન બાદ હવે સરહદી જિલ્લા કચ્છના તમામ છ ધારાસભ્યો માટે ૨૨મી નવેમ્બરનો દિવસ નવા વર્ષની શુભેચ્છાઓ આપવા કરતાં પોતાની રાજકીય તાકાત અને લોકપ્રિયતા સાબિત કરવાનો લિટમસ ટેસ્ટ બની રહેશે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

કચ્છના રાજકીય વર્તુળોમાં અત્યારે આગામી ૨૨મી નવેમ્બરના કાર્યક્રમોને લઈને ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે, હજુ થોડા દિવસો પહેલાં જ કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા સુખપર રોહા ખાતે અને કચ્છ ભાજપના પીઢ આગેવાન તથા પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર દ્વારા રતનાલ ખાતે નૂતન વર્ષ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમોમાં કચ્છના ખૂણેખૂણેથી જે રીતે જનમેદની ઉમટી પડી હતી અને માનવ મહેરામણ જોવા મળ્યો હતો, તેણે જિલ્લાના અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે એક બહુ મોટી લકીર ખેંચી દીધી છે.

સાંસદ અને પૂર્વ મંત્રીના આ ભવ્ય આયોજનો બાદ હવે કચ્છની છ વિધાનસભા બેઠકો અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ અને રાપરના ધારાસભ્યો પોતાના મતવિસ્તારમાં કેટલી ભીડ એકઠી કરી શકે છે, તેના પર સૌની નજર મંડાયેલી છે.

કચ્છના રાજકીય પંડિતોના મતે, એક જ દિવસે તમામ છ વિધાનસભા વિસ્તારોમાં કાર્યક્રમ યોજાવાના હોવાથી કોઈ પણ ધારાસભ્યને અન્ય વિસ્તારમાંથી કાર્યકરો કે સમર્થકોને બોલાવીને ભીડ બતાવવાનો અવકાશ મળશે નહીં. દરેક ધારાસભ્યએ પોતાના જ મતવિસ્તારના કાર્યકરો અને મતદારોના જોરે મેદાન ભરવું પડશે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના આ આયોજન પાછળ ભલે સંગઠનને મજબૂત કરવાનો અને સરકારની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો ઉદ્દેશ્ય હોય, પરંતુ સ્થાનિક સ્તરે આ સ્નેહમિલન ધારાસભ્યોના રિપોર્ટ કાર્ડ સમાન સાબિત થશે. જે ધારાસભ્યોએ છેલ્લા સમયમાં લોકોના કામો કર્યા હશે અને કાર્યકરોને સાચવ્યા હશે, તેમના કાર્યક્રમમાં ઉત્સાહ જોવા મળશે, જ્યારે જ્યાં આંતરિક નારાજગી હશે ત્યાં ખુરશીઓ ખાલી રહેવાનો ભય પણ સતાવી રહ્યો છે.

બીજી તરફ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કમલમના મંચ પરથી કાર્યકરો અને નેતાઓને જે અસંતુષ્ટને સંતુષ્ટ કરવાની શીખ આપી છે, તે કચ્છ ભાજપ માટે પણ એટલી જ સૂચક માનવામાં આવી રહી છે. કચ્છના કેટલાક વિધાનસભા વિસ્તારોમાં સ્થાનિક સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે ચાલતા આંતરિક મનદુઃખ કોઈનાથી છૂપા નથી. તેવામાં નવા વર્ષના મીઠા મોઢા કરાવવાના બહાને આ નારાજ કાર્યકરોને મનાવવા એ ધારાસભ્યો માટે મોટો પડકાર બની રહેશે. સાંસદ વિનોદ ચાવડા અને વાસણભાઈ આહીરના સ્નેહમિલનમાં ઉમટેલી ભીડે જે માપદંડ સ્થાપિત કર્યો છે, તેની સરખામણીમાં ૨૨મી નવેમ્બરે કયા ધારાસભ્યનો ‘સ્નેહ’ લોકોને વધુ આકર્ષે છે અને કોના કાર્યક્રમમાં માત્ર ઔપચારિકતા પૂરી થાય છે, તે જોવું ખરેખર રસપ્રદ બની રહેશે.

માધાપરમાં ફેરિયાના સ્વાંગમાં આવીને ઘરમાંથી ચોરી કરનારા બે શખ્સ પકડાયા

ચોરી કરેલા દાગીના આરોપીઓએ પીગળાવી દીધા : રહેણાંક વિસ્તારોમાં બહારના લોકોની અવરજવર બાબતે નજર રાખવી જરૂરી



ભુજ - કચ્છઉદય : તાલુકાના માધાપર ગામે ગોકુલધામ - ૧ વિસ્તારમાં દિવાળીના દિવસો દરમ્યાન પરિવાર જુનાગઢ ફરવા માટે ગયો ત્યારે રાત્રીના સમયે ઘરના તાળા તોડી અંદર પ્રવેશી કિંમતી દાગીનાની ચોરી કરવામાં આવી હતી. જુના ભાવ પ્રમાણે દોઢ લાખના દાગીના ચોરાયા હોવાનું માધાપર પોલીસે નોધ્યું હતું. આ કિસ્સામાં એલસીબીએ કરેલી તપાસમાં બે શખ્સો પકડાયા છે. જેમાં ભુજના રામનગરીમાં રહેતા સુનીલ કૈલાસભાઈ દેવીપુજક અને ભુજીયા રીંગરોડ પર રહેતા આનંદ મુકેશભાઈ દેવીપુજકની અટક કરવામાં આવી છે. જ્યારે સરવા મંડપમાં રહેતો મનસુખ હરેશભાઈ પરમાર હજુય ફરાર છે. ઝડપાયેલા આરોપીઓએ અગાઉ ભુજમાં ટંકારાના મામલતદારના ઘરમાંથી ચોરી કરી હતી. આ કિસ્સામાં પોલીસ દ્વારા કેમેરાની તપાસ કરવા સાથે અગાઉ ઘરફોડ ચોરીમાં પકડાયેલા ઈસમોની પુછપરછ કરવામાં આવી હતી. જેમાં શકદારને ઉઠાવી પુછપરછ કરતા સમગ્ર હકીકત સામે આવી હતી. આરોપીઓએ ગોકુલધામ વિસ્તારમાં બનાવ પહેલા ફેરીયાના સ્વાંગમાં રેકી કરી હતી. બાદમાં ઘર બંધ જણાતા રાત્રીના સમય આવીને ચોરી કરીને આરોપીઓ ભાગી ગયા હતા અને દાગીના સોની પાસે લઈ જઈને પીગળાવી નાખ્યા હતા. પોલીસે તેઓ પાસેથી સોનાના દાગીના અને ઢાળ મળી ૮,૪૦,૧૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. દરમ્યાન નોંધપાત્ર બાબત એ છે કે, માધાપર વિસ્તારમાં ચોરીની ઘટનાઓ વધુ બને છે. તેનું કારણ છે કે, ઘણી જગ્યાએ મકાનો બન્યા છે પરંતુ આસપાસ પાકા રસ્તા, કેમેરા, રોડ લાઈટ સહિતની વ્યવસ્થા નથી. તેમજ ઘણી જગ્યાએ ઓપન પ્લોટ હોવાથી આરોપીઓ બાવળોની ઝાડીમાંથી આવી બાવળોની ઝાડીમાંથી ભાગી જાય છે. જેથી મેઈન રોડના કેમેરામાં આરોપીઓ ટ્રેસ થતા નથી તેમજ બાવળોની ઝાડીમાં કોઈ પુરતા પુરાવા મળતા નથી. જેના કારણે તસ્કરો ફાવી જાય છે. ચોરીના બનાવો અટકાવવા માટે ખાસ કરીને લોકો દ્વારા પોતાના ઘરની આસપાસ કેમેરા લગાવવામાં આવે તેમજ બની શકે તો સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા કરવા સાથે દિવસ દરમ્યાન આવતા ફેરીયાઓ પર જાગૃત નાગરીક બનીને નજર રાખવામાં આવે તો ચોરીના બનાવો અટકી શકે તેમ છે.

રાપર ટ્રાફિક પોલીસ દ્વારા નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો સામે કરાઈ કાર્યવાહી






રાપર - કચ્છઉદય : વાગડ વિસ્તારના રાપર તાલુકામાં વાહન ચાલકોને પાઠ ભણાવવા માટે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારની સૂચનાથી જિલ્લા ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.જે પ્રજાપતિ તથા ટીમ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા.

રાપર શહેરના ગુરૂકુલ રીંગ રોડ, મુખ્ય હાઈવે, દેના બેન્ક ચોક, સલારીનાકા, પ્રાગપર ચોકડી સહિત વિવિધ વિસ્તારોમાં વગર લાયસન્સ વગર કાગળ ફેન્સી નંબર પ્લેટ સહિત પર કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમ્યાન ૧૭ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા અને ૮૭ વાહન ચાલકોને સ્થળ પર ૪૧૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો તથા ૧૫ વાહનોમાંથી કાળી પિક્ચર દૂર કરવામાં આવી હતી.

આ કામગીરીમાં એએસઆઈ લખમસિંહ ફફલ, એએસઆઈ અશોકભાઈ સદાસિયા, પો.કો. દિનેશભાઈ બરાડિયા, ભરતભાઈ લુણસર, જયપાલસિંહ જાડેજા, અશોકગર ગોસ્વામી, ભરતભાઈ પ્રજાપતિ, દાનાભાઈ નાયી તથા સ્ટાફ જોડાયો હતો.

માનવસેવાના મસીહા અને કર્મયોગી સ્વ. ચંદ્રકાંતભાઈ ગોગરીની આવતીકાલે પ્રાર્થનાસભા



ભુજ - કચ્છઉદય : મૂળ કચ્છના નાના ભાડીયા ગામના વતની અને હાલ અંધેરી-મુંબઈ નિવાસી માનવસેવાના સાચા મર્મજ્ઞ તેમજ કર્મયોગી સ્વ.ચંદ્રકાંતભાઈ વલ્લભજીભાઈ ગોગરીનું ગત તા. ૧૫-૧૧ના રોજ દુઃખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે સમસ્ત જૈન મહાજન - નાના ભાડીયા દ્વારા આવતીકાલે તા. ૨૧-૧૧, શનિવારના રોજ બપોર બાદ ૩ થી ૫ કલાક દરમિયાન તુલસી વિદ્યામંદિર પટાંગણ, નાના ભાડીયા, તા. માંડવી ખાતે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૬-૮-૧૯૪૬ના રોજ જન્મેલા સ્વ. ચંદ્રકાંતભાઈએ પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી માનવસેવા, જળસંચય-સંરક્ષણ, શિક્ષણ અને આરોગ્ય જેવી બહુહેતુક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં અજોડ કીર્તિસ્તંભ સ્થાપ્યો હતો. ખાસ કરીને કચ્છના વાગડ વિસ્તારમાં પાણીની વિકટ સમસ્યાના નિવારણ, સ્થાનિક લોકો માટે રોજગારીની તકો ઊભી કરવા તેમજ જીવદયાના કાર્યોમાં તેમનું અત્યંત સક્રિય અને નોંધપાત્ર યોગદાન રહ્યું હતું. આ ઉપરાંત, કર્મભૂમિ મુંબઈમાં રહીને પણ તેમણે મહારાષ્ટ્રના ખેડૂતોના ઉત્થાન અને કલ્યાણ માટે મહત્વપૂર્ણ સેવાઓ આપી હતી. અનેક ઘરોના અંધારા ઉલેચી જ્યોતિરૂપી દીપકના અજવાળા પાથરનાર નખશિખ સજ્જન સ્વ. ચંદ્રકાંતભાઈની ચિરવિદાયથી કચ્છ અને મુંબઈના સામાજિક વર્તુળોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.

ધ્રબુડીમાં મહિલા સાથે અણછાજતું વર્તન કરાયું

ભુજ - કચ્છઉદય : તાલુકાના એક ગામમાં રહેતા મહિલા ધ્રબુડી તીર્થધામ ગયા હતા ત્યારે આરોપી નારણ ઉર્ફે લાલજી ગાંગા મકવાણા અને સંજય રામજી મકવાણાએ પિતૃ તર્પણ વિધિ કરવા બાબતે ફરિયાદી સાથે બોલાચાલી કરી માર મારી ઈજાઓ પહોચાડી અણછાજતું વર્તન કર્યું હતું. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતા માંડવી મરીન પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

::: જાહેર નોટીસ ::: પ્રો.નં. ૨૦૨૬
(એમ.વી.એક્ટ ની ૧૯૮૮ ની કલમ ૧૪૯ અનુસાર નોટીસ)
ના.શ્રી મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ(સહાયક-૭) સમક્ષ, ગાંધીધામ-કચ્છ.
(ના.શ્રી એલ.ડી.વાઘ સાહેબનીકોર્ટ) એમ.એ.સી.પી.નં. ૫૧/૨૦૨૫ મુદત તારીખઃ ૨૮/૧૨/૨૦૨૬
ગુજરનાર શુશાન્ત લક્ષ્મીધર બેહેરાના વારસદારો વિ.(૬) ....અરજદારો
વિરૂધ્ધ
શેરારામ સન/ઓ જમતા રામ વિ.૩ .... સામાવાળાઓ
અરજદારના વિ.વ.શ્રી એચ. બી. ભારદ્વાજ
પ્રતિ,
સામાવાળા-૧ શેરારામ સનઓફ જમતા રામ (તે ટાટા સિગ્ના ટેન્કર નં. GJ12BW9777 ના ચાલક) ઉ.વ.૩૫ આશરે, ધંધો-ડ્રાઈવીંગ રહે-C/o મેરીગોલ્ડ લોજીસ્ટીક્સ, એલ.એલ.પી. ગ્રાઉન્ડ ફ્લોર, ઓફિસ નં.૫૨, સિલ્વર આર્ક કોમ્પ્લેક્ષ, પ્લોટ નં.૫૭, સેક્ટર-૮, ગાંધીધામ-કચ્છ.૩૭૦૨૦૧
આથી તમોને આ નોટીસ થી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તમો સામાવાળા સામે એમ.વી.એક્ટ ૧૯૮૮ ની કલમ ૧૬૬,૧૭૦,૧૭૨ અને મોટર રૂલ્સ ૨૩૧ અનુસાર રૂ. ૫૦,૦૦,૦૦૦/- ની રકમ વળતર તરીકે અપાવવા આ ટ્રીબ્યુનલ સમક્ષ તા.૧૪/૨/ ૨૫ ના રોજ અરજીઓ કરેલ છે. તમોને આ ઉપરથી ફરમાવવામા આવે છે કે, - મુદત તારીખઃ ૨૮/૧૨/૨૦૨૬ નાં રોજ સવારે ૧૦/૩૦ કલાકે સદરહું અરજીઓનો જવાબ આપવા આ ટ્રીબ્યુનલ માં તમારે જાતે કે હાજર રહેવું. તે દિવસે તમારા સઘળા લેખીત પુરાવા જેના ઉપર તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર રહેવું.
અને તમને એવી નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહિ થાવ તો તમારી ગેરહાજરીમાં આ અરજી સાંભળીને તેનો નીકાલ કરવામા આવશે.
વળી તમને એવી નોટીસ આપવામા આવે છે કે, નિર્દિષ્ટ કરેલ તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતો લખવાનો તમે કસુર કરશો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહિ.
આજરોજ તા. ૧૭ માહે ૧૧ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલ નો સિક્કો કરીને આપ્યું.
તૈયાર કરનાર (વી. એમ. મૈયડ) આસીસ્ટન્ટ | મુકાબીલ કરનાર (એમ. એસ. મેમણ) બેન્ચ કલાર્ક | કોર્ટનો સિક્કો | આદેશથી (એ.જે.ડોરૂ) ડે.રજીસ્ટ્રાર, એમ.એ.સી.ટી.(સહાયક) ગાંધીધામ-કચ્છ.

કોઠારા અને સાડાઉમાં ગાંજા સાથે શખ્સો પકડાયા

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના કોઠારા અને મુંદરાના સાડાઉમાં ગાંજા સાથે શખ્સો પકડાયા હતા. આ બાબતે કોઠારા પોલીસના જણાવ્યા પ્રમાણે મુળ બિહારના હાલે કોઠારા રેલવે સ્ટેશન પાસે રહેતા પુરૂષોતમકુમાર શિવરતનકુમાર યાદવને પકડી તેની પાસેથી ૫૦૫ રૂપિયાનો ૧૦ ગ્રામ ગાંજો કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે મુંદરામાં સાડાઉ - મુંદરા રોડ પર ગોલ્ડન પંજાબ ગાર્ડન રેસ્ટોરન્ટની સામે મહમદ આમદ સાંધને પકડી તેની પાસેથી ૧૩૦૦ રૂપિયાનો ૨૬ ગ્રામ ગાંજો અને મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

જાહેર નોટીસ
આથી અમારા અસીલ હંસરાજ દોલતરામ કિરી, રહે. પ્લોટ નં. ૧૦૨, વોર્ડ નં. ૯/બી(એ), એ.કે.જી. સોસાયટી, ગાંધીધામ-કચ્છ જાહેર નોટીસ આપી જાણ કરે છે કે તેઓની માલીકીના કચ્છ જીલ્લાના, ગાંધીધામ તાલુકાના, ગાંધીધામ શહેરમાં વોર્ડ નં. ૧૨ એ માં ધી સિન્ધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લી. ના ૯૯ વર્ષના પેટા ભાડા પટ્ટા હકકેના મકાન નં. ટી.સી. એક્સ-એન-૧૨૦ વાળાની તા.૧૮-૦૯-૧૯૬૧ ની અસલ કન્વેયન્સ-કમ-સબ-લીઝ ડીડ જે સબ-રજીસ્ટ્રાર કચેરી, અંજારમાં રજી. નં. ૫૯૯, વોલ્યુમ નં. ૨૨, પાના નં. ૧૪૯ થી ૧૫૨, બુક નં. ૧, તા.૦૯.૦૮.૧૯૬૨ થી સુગનીચંદ S/o દયારામ ના નામે નોંધાયેલ છે તે અમારા અસીલથી ખોવાઈ ગયેલ છે. આ લીઝ ડીડ જો કોઈપણ વ્યક્તિને મળે તો નીચેના સરનામે આપી જવા નમ્ર વિનંતી છે. જેની સર્વેએ નોંધ લેવી.
ગાંધીધામ-કચ્છ
તા.: ૧૯/૧૧/૨૦૨૬
અમારી મારફતે
સપના દેવ દાદલાણી (એડવોકેટ એન્ડ નોટરી)
શ્વેતા એન. રામનાણી (એડવોકેટ એન્ડ નોટરી)
‘સપના ટાવર’, ન્યુ શોપ નં. ૨, ખન્ના માર્કેટ, ગાંધીધામ-કચ્છ ફોન : ૯૩૭૫૩૨૪૫૦૮
અમારા અસલ હંસરાજ દોલતરામ કિરી ના સુચન મુજબ

ભચાઉના ભવાનીપુર વિસ્તારમાં વાડીમાં આગ લાગતાં ફાયર ટીમે કાબૂ મેળવ્યો



ભચાઉ - કચ્છઉદય : ભચાઉના ભવાનીપુર વિસ્તારમાં કેનાલ નજીક આવેલી એક વાડીમાં ઝાડી-ઝાંખરાંમાં આગ લાગવાની ઘટના બની હતી. ગઈકાલે સાંજે પાંચ વાગ્યાના અરસામાં આગ અંગેનો કોલ મળતાં ભચાઉ નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ટીમે પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. આ કામગીરીમાં ફાયર વિભાગના પ્રવીણ દાફડા, કુલદીપભાઈ અને શક્તિસિંહ જોડાયા હતા. સમયસર કાર્યવાહી થતાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

જુણામાં અગાઉના ઝઘડાના મનદુઃખે મારામારી

ભુજ - કચ્છઉદય : તાલુકાના જુણા હજામવાંઢ ખાતે પાણીના ટાંકાની પાસે જુના ઝઘડાના મનદુઃખે મારામારી કરવામાં આવી હતી. ફરિયાદી જુણાના ગોડાણીવાસમાં રહેતા અનસ હાસમ સમાના જણાવ્યા પ્રમાણે અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખીને આરોપી ઈશા સાધક સમા, પચાણ સાધક સમા અને હુસેન સાધક સમાએ ફરિયાદીના ભાઈને લાકડાના ધોકા વડે માર મારી ઈજાઓ પહોચાડી હતી. જેથી ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

પાલારામાં જુગાર રમતા ચાર પકડાયા

ભુજ - કચ્છઉદય : તાલુકાના પાલારા ખાતે કોલીવાસમાં જુગાર રમતા હરીભાઈ ધનજીભાઈ આહીર, રણછોડભાઈ ગોવાભાઈ આયર, નવીન મહમદભાઈ કોલી અને જાનમામદ જુસબ ગગડાને પકડી રોકડા રૂા. ૨૦૯૦૦ કબજે કરવામાં આવ્યા હતા.

શ્રદ્ધાંજલિ



આપના અવસાનથી આહીર સમાજમાં સામાજિક અને રાજકીય અગ્રણીની મોટી ખોટ પડી છે.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ. આહીર વસ્તાભાઈ કાંયાભાઈ ચાડ
માજી સરપંચશ્રી, નિરોણા ગ્રા. પંચાયત, માજી સદસ્યશ્રી, તા. પં., નખત્રાણા
સ્વ. તા. ૧૮-૧૧-૨૦૨૬ નિરોણા-કચ્છ.

- રાજેશ મમુભાઈ આહીર : વિરોધપક્ષના નેતા, જિ. પંચાયત-કચ્છ.
- રમેશ રવાભાઈ આહીર : સદસ્યશ્રી, નખત્રાણા તાલુકા પંચાયત
- વાલજી કરસનભાઈ આહીર : પૂર્વ સરપંચશ્રી, નિરોણા ગ્રા. પંચાયત
- કાનજી પરબતભાઈ આહીર : આહીર અગ્રણી નિરોણા
- મે. રણછોડરાય ઈન્ડેન ગેસ એજન્સી પરિવાર, નિરોણા-કચ્છ.

અંધૌ ઢોર ડબ્બામાં હરાજી તા.૨૩/૧૧/૨૦૨૬ સોમવારના સવારના ૧૧ કલાકે

જાત	ઢોરની સંખ્યા	ઢોરની ઓળખ	ઉંમર વર્ષ	કુલ
બળદ	૧	લાલ	૪	
ગાય	૧	કાળો કલર	૩	
ગાય	૧	સાઈ, કાન કાપેલ	૩	

અંધૌ ગ્રામ્ય સમીતી દ્વારા ઢોર ડબ્બામાં આવેલ ઢોરોની ઉપરોક્ત તારીખે અને સમયે હરાજી કરવામાં આવશે.
અંધૌ ગ્રામ્ય ઢોર ડબ્બા સમીતીની સહી

Welspun CORP વેલસ્પન કોર્પ લિમિટેડ
(CIN-L27100GJ1995PLC025609)
રજિ. કચેરી : વેલસ્પન સિટી, ગામ : વર્ષામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦
ટેલિ : +૯૧ ૨૮૩૬ ૬૬૨૨૨૨
કોર્પો. કચેરી : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ટેલિ : ૦૨૨ - ૨૪૯૦ ૮૦૦૦
ઈમેઈલ : CompanySecretary_WCL@welspun.com, વેબસાઈટ : www.welspuncorp.com

પોસ્ટલ બેલેટ અને રિમોટ ઈવોટિંગ માહિતી અંગે નોટિસ

આથી જાણ કરવામાં આવે છે કે, કંપની ધારો, ૨૦૧૩ની કલમ-૧૧૦ અને ૧૦૮ અને અન્ય જોગવાઈઓની રૂએ વખતોવખત (હવે પછી ‘કાયદો’) હેઠળ નિયમ ૨૦ અને ૨૨ વંચાણે લઈને (મેનેજમેન્ટ અને એમેન્ડમેન્ડ) નિયમો, ૨૦૧૪ (‘નિયમો’) ઉપરાંત સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ જનરલ મિટિંગ (‘એસએસ-૨’) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા (‘આઈસીએસઆઈ’) તથા સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦, તા. ૮ એપ્રિલ, ૨૦૨૦ અને ૧૭/૨૦૨૦, તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, આનુષંગિક સામાન્ય પરિપત્ર નં.૦૩/૨૦૨૫, તા.૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ જે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, ભારત સરકાર (‘એમસીએ’) (હવે પછી સંયુક્ત રીતે ‘એમસીએ પરિપત્રો’) ઠરાવ નં. ૪૪ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) ઠરાવ ૨૦૧૫ (‘સેબી લિસ્ટિંગ ઠરાવ’) અને વખતોવખત સુધારેલા ઠરાવ અનુસાર કાયદાની દ્રષ્ટિએ પ્રવર્તમાન નિયમો અન્વયે વેલસ્પન કોર્પ લિમિટેડ (‘ધી કંપની’)ના સભ્યો પાસેથી નીચે દર્શાવેલ વિશિષ્ટ કાર્યવાહી અંગે ફક્ત ઈ-વોટિંગ પ્રક્રિયા (‘રિમોટ ઈ-વોટિંગ’) દ્વારા સંમતિ માગવામાં આવે છે :

ક્રમ	ઠરાવનું વર્ણન	ઠરાવનો પ્રકાર
૧	સ્વતંત્ર ડિરેક્ટર તરીકે શ્રી મનિષ ચોખાણી (DIN: 00204011) ની પુનઃ નિમણૂક	સ્પેશિયલ
૨	સ્વતંત્ર ડિરેક્ટર તરીકે શ્રી અંજની કુમાર અગ્રવાલ (DIN: 08579812) ની પુનઃ નિમણૂક	સ્પેશિયલ
૩	સ્વતંત્ર ડિરેક્ટરો સહિત નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટરોને ચૂકવણીપાત્ર મહેનતાણાની ફેર વિચારણા	સ્પેશિયલ

કંપની પોસ્ટલ બેલેટ નોટિસ તા.૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિગતવાર અહેવાલ (‘પોસ્ટલ બેલેટ નોટિસ’) કંપનીના ૧૯ નવેમ્બર, ૨૦૨૬નાં રોજ રજિસ્ટ્રાર બેનિફિશિયલ ઓનર રજિસ્ટરમાં કટ-ઓફ તારીખ શુક્રવાર, ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના નોંધાયેલ તમામ સભ્યોને તેમનાં ઉપલબ્ધ ઈમેઈલ સરનામે મોકલી આપેલ છે ઉપરાંત નોટિસની પ્રત્યક્ષ નકલ, પોસ્ટલ બેલેટ પત્રક અને પ્રિપેઈડ રિપ્લાય કવર સહિત મોકલવામાં આવશે નહીં. તેથી તમામ સભ્યોએ માત્ર રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ મતદાન કરવાનું રહેશે.

કંપનીએ નેશનલ સિક્યોરિટી લિમિટેડ (‘એનએસડીએલ’) મારફત ઈ-વોટિંગ સુવિધા પ્રદાન કરેલ છે તેથી નિમ્ન સમયમાં જ ઈ-વોટિંગ કરવા વિનંતીઃ-

રિમોટ ઈ-વોટિંગનો પ્રારંભ	રિમોટ ઈ-વોટિંગ બંધ થશે
સોમવાર, ૨૩ નવેમ્બર, ૨૦૨૬ (સવારે ૯:૦૦ કલાકે)	મંગળવાર, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬ (સાંજે ૫:૦૦ કલાકે)

ત્યાર પછી ઈ-વોટિંગ થઈ શકશે નહીં અને એનએસડીએલનું મોડ્યુલ બંધ થઈ જશે. તેથી સભ્યોને પોતાનો હકારાત્મક (એફઓઆઈ) કે વિરોધ (અગેઈન્સ્ટ) મત રિમોટ ઈ-વોટિંગ દ્વારા મંગળવાર, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬ના સાંજે ૫:૦૦ કલાક સુધીમાં આપવાનો રહેશે. એક વખત મતદાન કર્યા પછી ફરીથી કે તેમાં કોઈ સુધારો થઇ શકશે નહીં જેની નોંધ લેવી.

સદરહુ પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.welspuncorp.com, સ્ટોક એકસચેન્જ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા www.bseindia.com અને www.nseindia.com તથા ઈ-વોટિંગ એજન્સી નેશનલ સિક્યોરિટી ડિપોઝિટર લિમિટેડ (‘એનએસડીએલ’) www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ છે.

સભ્યોએ મતદાનની પાત્રતા માટે કંપનીની કટ-ઓફ તારીખે થયેલી નોંધણી ગણાશે. તે સિવાય વણનોંધાયેલ સભ્યોએ નોટિસ માત્ર વાંચન હેતુસર ગણવી.

ડીમટિરિયલાઈઝ અને પ્રત્યક્ષ સ્વરૂપે શેરધારક અને ઈ-મેઈલ આઈડી વણનોંધાયેલ સભ્યોને પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવામાં આવેલ નથી.

ઈલેક્ટ્રોનિક રાહે પત્રક ધરાવતા શેરધારકો પરંતુ જેમણે પોતાનું ઈમેઈલ સરનામું, કેવાયસી નોંધાયેલ નહીં હોય તેઓ પોતાનાં ડિપોઝિટરી પાર્ટીસિપન્ટ પાસે અપડેટ કરાવી શકશે.

પ્રત્યક્ષ સ્વરૂપે શેરધારકોએ ઉક્ત વિગતો કંપનીનાં રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (‘આરટીએ’) એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ખાતે અપડેટ કરાવી શકશે. ઉપરાંત કંપનીની વેબસાઈટ www.welspuncorp.com અને આરટીએ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html મારફત મેળવી શકશે.

કંપની ડિરેક્ટરોએ મજકૂર રિમોટ ઈ-વોટિંગની સુચારુ પ્રક્રિયા માટે શ્રી જિગર શાહ (FCS 8918 & COP No.13936), અધિકૃત પાર્ટનર, મે.જેએમજેએ એન્ડ એસોસીયેટસ, એલએલપી કંપની સેક્રેટરીની અવેજીમાં કુ. અનુપ્રિયા સકસેના (FCS 8917 & COP No.12341), અધિકૃત પાર્ટનરને સ્ક્રૂટિનાઈઝર તરીકે નિયુક્ત કરેલ છે.

રિમોટ ઈ-વોટિંગ અંગે સ્ક્રૂટિનાઈઝરનો નિર્ણય આખરી ગણાશે.


રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા છેલ્લી તારીખ ૨૨, ડિસેમ્બર, ૨૦૨૬ના જરૂરી સંખ્યામાં ઠરાવ પસાર થશે તેવી ધારણા છે, તેથી રિમોટ ઈ-વોટિંગનું પરિણામ ગુરુવાર, ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં જાહેર કરવામાં આવશે. જે સ્ક્રૂટિનાઈઝરનાં અહેવાલ સાથે કંપનીનાં નોટિસ બોર્ડ, રજિ. કચેરી તથા કોર્પો. કચેરી ખાતે પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉપરાંત કંપનીની વેબસાઈટ : www.welspuncorp.com, એનએસડીએલ www.evoting.nsdl.com તથા સ્ટોક એકસચેન્જ www.nseindia.com અને www.bseindia.com ઉપર પ્રકાશિત કરવામાં આવશે.

ઈ-વોટિંગ અંગે કોઈપણ મુશ્કેલી જણાય તો ફ્રીક્વન્ટલી આસ્ક ક્વેશ્ચન (એફએક્યુ) અને યુઝર મેન્યુઅલનાં ડાઉનલોડ સેક્શન www.evoting.nsdl.com અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ કે evoting@nsdl.co.inનો સંપર્ક સાધવા વિનંતી.

કંપનીનાં સભ્યોએ પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ વિગતો, ખાસ કરીને રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયા કાળજીપૂર્વક ચકાસી લેવા વિનંતી.

વેલસ્પન કોર્પ લિમિટેડ વતી
સહી/-
કમલ રાઠી
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર
મેમ્બરશિપ નં. એસીએસ ૧૮૧૮૨
સ્થળ : મુંબઈ
તારીખ : નવેમ્બર ૧૯, ૨૦૨૬

નવા વર્ષની અભિનવ ઉષાને આરંભતા આદિત્યનો આનંદપ્રદ અરૂણોદય આપને અને આપના આપ્તજનોને અનંત આયુષ્ય, ઐશ્વર્ય અને આરોગ્ય અર્પે તેવી– અભિલાષા સહ...
નૂતન વર્ષાભિનંદન



સંજયભાઈ ગાંધી
ગાંધીધામ-કચ્છ.

આપ સૌને દિવાળીની શુભકામના, આવનારું વર્ષ તમારા અને તમારા પરિવારજનો માટે સુખરૂપ–નિરોગી રહે તેવી શુભકામના... તેમજ નવા વર્ષના સર્વેને સાલમુબારક...



એબેઝ યેસુદાસ
પ્રેસિડેન્ટ
ઈન્ડિયન સોશિયલ સર્વિસ કોમ્યૂનિટી



MAN INDUSTRIES (I) LTD
Survey No.485/2, Anjar- Mundra Highway, Village- Khedoi, Tal – Anjar, Dist – Kutch –370 130
WISHES YOU
A HAPPY DEEPAWALI
&
PROSPEROUS NEW YEAR